# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/111 Dt. 26/08/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સના લેડિઝ વિંગ દ્વારા 'સ્ટે સેફ ઓનલાઈનઃ સાયબર અવેરનેસ ફોર વુમન એન્ડ સીનિયર સિટીઝન્સ' વિષય પર અવેરનેસ સેશન યોજાયું

## વર્ષ ૨૦૨૪માં સુરતમાં સાઈબર ક્રાઈમના ૨૫ હજાર કેસ નોંધાયા હતા, જેમાં સુરતીઓએ આશરે રૂ. ૧૭૦ કરોડ ગુમાવ્યાઃ સુરત સિટી સાયબર ક્રાઈમ સેલના પોલિસ ઈન્સ્પેકટર શ્રી ડી.વી. ગામિત

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના લેડિઝ વિંગ દ્વારા સોમવાર, તા. ૨૫ ઓગષ્ટ ૨૦૨૫ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે, સમૃધ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'સ્ટે સેફ ઓનલાઈનઃ સાયબર અવેરનેસ ફોર વુમન એન્ડ સીનિયર સિટીઝન્સ' વિષય પર અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં સુરત સાયબર ક્રાઈમ વિભાગના આસિસ્ટન્ટ કમિશનર સુશ્રી શ્વેતા ડેનિયલ્સ અને સુરત સિટી સાયબર ક્રાઈમ સેલના પોલિસ ઈન્સ્પેકટર શ્રી ડી.વી. ગામિતે સાયબર ક્રાઈમથી બચવાના સૂચનો આપ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, 'આજના ડિજિટલ યુગમાં મોબાઈલ ફોન, સોશિયલ મીડિયા, ઑનલાઇન પેમેન્ટ અને ઈ-બેંકિંગ આપણા રોજિંદા જીવનનો અભિન્ન ભાગ બની ગયા છે. પરંતુ સાથે સાથે ફિશિંગ, OTP સ્કેમ, આઈડેન્ટિટી થેફ્ટ અને ઑનલાઇન ફ્રોડ જેવા સાયબર ખતરા પણ વધી રહ્યા છે. ખાસ કરીને મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો ઘણી વાર આવા ખતરાઓના નિશાન બને છે. તે માટે સાઇબર સુરક્ષા અંગે જાગૃતિ અનિવાર્ય છે.'

સુશ્રી શ્વેતા ડેનિયલ્સે જણાવ્યું હતું કે, 'જ્યારે એક વ્યક્તિ સાયબર ફ્રોડનો શિકાર બને છે, ત્યારે ભારતની અર્થવ્યવસ્થાને પણ નુકસાન થાય છે તેમ કહી શકાય છે. આખું વિશ્વ જ આંગળીના ટેરવે આવી ગયું છે. ત્યારે સાવચેતી રાખવી પણ અગત્યનું છે. સાયબર ક્રાઈમ દરેક વ્યક્તિ સાથે અલગ-અલગ રીતે કરવામાં આવે છે. વ્યક્તિ જ્યારે લાલચમાં ફસાઈ જાય ત્યારે આફત આવે જ. કોઈ ઓનલાઈન કામ કરીને પૈસા કમાવી શકો છો? કહે ત્યારે થોડુંક વિચારીને, શાંતિથી, લોકો સાથે ચર્ચા કર્યા બાદ કોઈપણ નિર્ણય લો.'

શ્રી ડી.વી. ગામિતે જણાવ્યું હતું કે, 'સમગ્ર વિશ્વમાં પ્રતિ ૩ સેકન્ડે ૧ સાયબર ક્રાઈમ થાય છે. જ્યારે ભારતની વાત કરવામાં આવે તો દેશમાં પ્રતિ ૭ મિનિટે એક સાયબર ક્રાઈમનો કેસ નોંધાય છે. વિશ્વમાં સૌથી વધુ સાયબર ક્રાઈમ રશિયામાં થાય છે. ભારત આ યાદીમાં ૧૦ માં ક્રમાંકે આવે છે. વર્ષ ૨૦૨૪માં સુરતમાં સાઈબર ક્રાઈમના ૨૫ હજાર કેસ નોંધાયા હતા, જેમાં સુરતીઓએ આશરે રૂ. ૧૭૦ કરોડ ગુમાવ્યા હતા. તેમણે વધુમાં સાયબર બુલિંગ તેમજ સાયબર સ્ટોકિંગ વિશે વિસ્તૃતમાં સમજ આપી હતી.'

લેડિઝ વિંગના ચેરપર્સન શ્રીમતી મયુરીબેન મેવાવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપતા કહ્યું હતું કે, 'આપણી સુરક્ષા આપણા હાથમાં છે.'

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી CA મિતિષ મોદી, ચેમ્બરના પૂર્વ પ્રમુખશ્રીઓ અને ચેમ્બરના લેડિઝ વિંગના સભ્યો તેમજ સીનિયર સિટીઝન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.. જ્યારે લેડિઝ વિંગના સભ્ય શ્રીમતી જ્યોતિબેન લાલવાલાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અંતે, ઉપસ્થિતોને મુંઝવતા તમામ પ્રશ્નોના વક્તાશ્રીઓ દ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા. લેડિઝ વિંગના એડવાઈઝર શ્રીમતી રેશ્માબેન માંડલેવાલાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ત્યાર બાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.